# ઉત્તર ગુજરાતમાં ૫૦ સમરસ ગ્રામ પંચાયતો સાથે બનાસકાંઠા મોખરે

## ૭૦ ગ્રામ પંચાયતમાં ધોરણ-૮, ૩૪ ગ્રામ પંચાયતમાં સી.સી.રોડ, ૬૮ ગ્રામ પંચાયતોમાં સોલાર સ્ટ્રીટ મંજૂર







બનાસકાંઠા, તા. ૭

ગ્રામ પંચાયતની ચૂંટણી સર્વસંમતિ અને વિનાવિરોધે થાય અને તે થકી વિકાસ માટે હકારાત્મક વાતાવરણ સર્જાવાની સાથે વિકાસ કામોમાં સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી પ્રજા ઉમંગભેર ભાગ લે તેવા ઉમદા આશયથી ગુજરાત સરકાર દ્વારા સમરસ યોજના અમલમાં મુકાઈ છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લાની વર્ષ ૨૦૧૧ ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૭૨ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ હતી. આજે યોજાયેલા સમારંભમાં આ તમામ ૧૭૨ સમરસ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓનું અભિવાદન તથા પુરસ્કાર પ્રદાન કરાયા હતા. આ પંચાયતોને કુલ રૂ. ૪,૪૧,૫૦,૦૦૦/-ની રકમ પ્રોત્સાહક અનુદાન તરીકે અપાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર-૨૦૧૧માં યોજાયેલી ૧૦,૪૦૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી પૈકી કુલ ૨૧૨૩ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે અને તે પૈકી ૨૫૦ ગ્રામ પંચાયતો મહિલા સમરસ તરીકે જાહેર થઈ છે.

ઉત્તર ગુજરાતમાં ૧૭૨ પૈકી પ્રથમ વખત સામાન્ય સમરસ થયેલી ૭૦ ગ્રામ પંચાયત, બીજી વખત સામાન્ય સમરસ થયેલી ૩૪ ગ્રામ પંચાયત અને ત્રીજી વખત થયેલી ગ્રામ પંચાયતોની સંખ્યા ૬૮ છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લો ૫૦ની સંખ્યા સાથે પ્રથમ ક્રમે રહ્યો છે જેને રૂા. ૧,૨૭,૧૨,૫૦૦/-નું પ્રોત્સાહક અનુદાન અપાયું છે. બીજા સ્થાને પાટણ જિલ્લાને રૂા. ૧,૨૦,૦૦,૦૦૦ અને ત્રીજા સ્થાને મહેસાણા જિલ્લાને રૂા. ૭૮,૫૦,૦૦૦/-નું પ્રોત્સાહક અનુદાન પ્રાપ્ત થયું છે.

રાજય સરકારે તાજેતરમાં નક્કી કરેલા ઠરાવ મુજબ સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાનમાં વધારો કરવાની સાથે અન્ય સુવિધાઓ આપવાનું નક્કી કર્યું છે. આ અનુસાર ઉત્તર ગુજરાતની પ્રથમ વખત સામાન્ય સમરસ થતી ૭૦ ગ્રામ પંચાયતોને રૂા. ૧,૪૪,૦૦,૦૦૦ના પ્રોત્સાહક અનુદાન ઉપરાંત જે ગ્રામ પંચાયતમાં ધોરણ-૮ની સુવિધા નથી ત્યાં ધોરણ-૮ની સુવિધા મંજૂર કરવામાં આવશે.

બીજી વખત સામાન્ય સમરસ થતી ૩૪ ગ્રામ પંચાયતોને રૂા. ૮૫,૦૦,૦૦૦ના પ્રોત્સાહક અનુદાનની રકમ ઉપરાંત સી.સી. રોડની સુવિધા મંજૂર કરાશે. જયારે ત્રીજી વખત સમરસ થતી ૬૮ ગ્રામ પંચાયતોને રૂા. ૨,૧૨,૫૦,૦૦૦/-ની પ્રોત્સાહક અનુદાન ઉપરાંત સોલાર સ્ટ્રીટ લાઈટની સુવિધા મંજૂર કરાશે.

સમારંભમાં ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાના સરપંચશ્રીઓ, પદાધિકારીઓ, અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ એસ.ટી ડેપોનો અણઘડ વહીવટ મુસાફરો પંખા વગર ત્રાહીમામ..!



બાયડ તા.૭

બાયડ એસ.ટી ડેપો કોઈક ને કોઈક બાબત ને લઈ ને હરહંમેશ ચર્ચા માં રહયુ છે પછી તે ડેપો માં રહેલી ગંદકી હોય છે ડ્રાઈવર કંડકટર ના ઉધ્ધતાઈ ભર્યુ વર્તન હોય દરેક બાબતે એસ.ટી.ડેપો ચર્ચા ના સ્થાને રહયુ છે. તયારે હાલ ઉનાળાના કળકળતા તાપ માં હાલ બાયડ શહેર માં રેકોર્ડ બ્રેક ૪૨ ડીગ્રી ગરમીનો પારો નોધાયો છ. ત્યારે આવી સખત ગરમી માં પણ બાયડ એસ.ટી.ડેપો માં પંખા ની સુવીધા વગર મુસાફરો ને ગરમી માં શેકાવા નો વારો આવ્યો છે. જયારે બાયડ ડેપો માં માત્ર ને માત્ર બે જ પંખા લગાવેલ છે તે પંખા પણ આ અંગે બાયડ શહેર મરી મરી ને ચાલતા હોય તેવી સ્પીડ માં ચાલે છે.આ અંગે બાયડ શહેર ના રહીશ પપ્પુ ભાઈ ચરતભાઈ તથા જીગરભાઈએ જણાવ્યુ હતુ કે બાયડ ડેપો માં આટલી ગરમી પડતી ઓવા છતાં ડેપો માં મુસાફરો ની સગવડ માટે કોઈપણ જાતની વ્યવસ્થા ના હોવાને કારણે કર્મચારીઓ પ્રત્યે રોષ ભભુકી ઉઠયો છેજયારે આ અંગે કેટલીય વાર મુસાફરો દ્વારા રજુઆત કરાતાં પંખા નીચે હવા ખાતા અધિકારીઓ ના તુમાખી ભર્યા સ્વભાવ નો ભોગ બનુવુ પડયુ છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહયુ છે જેતી તાકીદે ડેપો માં પંખા લગાવવામાં આવ તેવી લોકમાંગ ઉઠવા પામી છે. (તસવીર : સમીર બલોચ, બાયડ)

# ઉત્તર ગુજરાતમાં હનુમાન જયંતિની ઉત્સાહભેર ઉજવણી

મેઘરજ, તા. ૭

સમગ્ર ઉત્તર ગુજરાતમાં હનુમાન જયંતિ પર્વની ભારે આનંદોલ્લાસ વચ્ચે ઠેર ઠેર ભક્તો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ મંદિરે ભારે ઉત્સાહપૂર્વક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પાવન પર્વે સમગ્ર ઉત્તર ગુજરાતમાં દૂર દૂર હજારોની સંખ્યામાં હનુમાન ભક્તો ઉમટી પડ્યા હતા અને દિવસ દરમિયાન ફૂલ, સિંદુર, આંકડા અને તેલ ચઢાવી બજરંગ બલીને રીઝવવા પૂજા અર્ચના કરી હતી. આ ટાણે ઠેર-ઠેર ભક્તો દ્વારા રામયજ્ઞ, મારૂતિ યજ્ઞ, ભજન અને સંતો મહંતોની અમૃત સંતવાણીનો કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે ભક્તોએ પૂજા અર્ચના દર્શન અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.





થરા ખાતે ભાજપ દ્વારા રાજેન્દ્ર જોષીના અધ્યક્ષ સ્થાને એક બાઈક રેલીમાં થરા નગરપાલિકાના પ્રમુખ શ્રી મુળરાજસિંહ વાઘેલા, સિટીઝનો, જિલ્લા કન્વીનર અચરતલાલ ઠક્કર, જિલ્લા બક્ષી મોરચાના મહામંત્રી શ્રી ભારતસિંહ ભટેસરીયા, જિલ્લા કિસાન મોરચો મહામંત્રી કિર્તીસિંહ વાઘેલા, થરા શહેર પ્રમુખ પૃથ્વીરાજસિંહ કાંકરેજ તાલુકા યુવા પ્રમુખ નિરંજનભાઈ ઠક્કર, સુશીલસિંહ ધનરાજભાઈ પટેલ, કાંકરેજ તાલુકા મહામંત્રી શ્રી હંસપુરી ગૌરવા રેલીના આયોજક અને યુવા રાજપુત ક્ષત્રીયના પ્રમુખ શ્રી ભલુભા વાઘેલા તેમજ તાલુકામાંથી ઉમટી પડેલ વિશાળ સંખ્યામાં યુવા કાર્યકરો બાઈક રેલીમાં જોડાયા હતા. આ રેલી થરા પેટ્રોલ પંપથી નીકળી માર્કેટ યાર્ડથી દિયોદરનાળા થઈ કર્ણાવતી સોસાયટી સુધી યોજવામાં આવી હતી અને હોટલ આનંદમાં સભામાં રૂપાંતર કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી રાજેન્દ્રભાઈ જોષીનું સ્વાગત કાંકરેજ તાલુકા યુવા ભાજપના પ્રમુખશ્રી નિરંજનભાઈ ઠક્કરે સાલ ઓઢાડી તેમજ શાબ્દિક સ્વાગત કર્યું હતું. શ્રી જોષીએ વધુમાં જણાવ્યું હતું કે ૧૯૮૦માં ભાજપની સ્થાપના કરવામાં આવી ત્યારે તેમની સાથે થરાના હાલના એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી અણદાભાઈ પટેલ, ઉમેદભાઈ તેમજ કાસમભાઈ જેવા સાથી કાર્યકરો સાથે થરામાં રેલીઓ યોજીને પાર્ટીનો પ્રચાર કરેલ. શ્રી ભારતસિંહજી ભટેસરીયાએ ભાજપનું શાસન વેગવંતુ બને અને વધુમાં વધુ યુવાનો આ મોરચામાં જોડાય તે માટે તત્પર રહેવા કાર્યકરોને અનુરોધ કર્યો હતો અને આ તમામ કાર્યક્રમની આભારવિધિ ભલુભા વાઘેલાએ કરી હતી. મ(તસવીર : હેમુભા વાઘેલા, આંકોલી)

# બાયડ તાલુકામાં ૨૫મી એપ્રિલે લોકદરબાર યોજાશે

બાયડ તા.૭

સરકારશ્રી ના વહીવટ ને વધુ લોકાભીમુખ બનાવવા માટે અને સરકારી વિભાગો દ્વરા થતાં નિર્ણયો ની લોકભાગીદારી વધારવા લોકોના પ્રશ્નો નો ઝડપી અને અસરકારક નીકાલ કરવાના હેતુથી સાબરકાંઠા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકદરબાર નુ આયોજન કરવામાં આવ્યુ છે. આ લોકદરબાર માં લોકો ના પ્રશ્નો નો સ્થળ ઉપર નિકાલ કરવા માટે લોક દરબાર સમયે કલેકટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી સહિત ના તમામ ખાતાના જીલ્લા કક્ષા ના અધિકારીશ્રી અને સંબધિત તાલુકાના અધિકારીઓ હાજર રહેશે લોકો એ શકય હોય ત્યાં સુધી તેમના પ્રશ્નો લોકદરબાર ની તારીખ ના એક અઠવાડીયા પહેલા સંબધિત મામલતદાર કચેરી ને પહોચાડવાના રહેશે આ રીતે મળેલા પ્રશ્નો સંબધિત ખાતોઓને મોકલવામાં આવશે અને લોકદરબાર ના દિવસે આવી અરજીઓ અન્વયે થયેલ કામગીરી ની માહિતી સંબધિત અધિકારી દ્વારા અરજદાર ને આપવામાં આવશે જે અરજદારો આગોતરા પ્રશ્નો ન મોકલી શકે તેઓ લોકદરબાર ના સમયે પણ તેમના પ્રશ્નોરજુ કરી છે. જયાં તેમને પ્તેમના પ્રશ્નોના નીરાકરણ અંગે માર્ગદર્શન આપવા ઉપરાંત તેમના પ્રશ્નો સંબધીત ખાતાને પહોચાડવા માટે વ્યવસ્થા કરવામાં આવશે અત્રેના તાલુકામાં લોક દરબાર તાલુકા પંચાયત બાયડ ના સભા ખંડ માં તા.૨૫/૦૪/૨૦૧૨ ના રોજ યોજાશે આથી બાયડ તાલુકાની તમામ જાહેર જનતાને સરકારી વહીવટી સંબધે જે કોઈ પ્રશ્નો હોય કે પડતર બાબતો હોય કે ફરીયાદો હોય તે તમામ અંગે લોક દરબાર ની તારીખના અઠવાડીયા પહેલા તેમની રજુઆતો મોકલી આપવા જણાવામાં આવ્યુ હતુ.

# પળી ગામની સીમમાં ખેતરમાંથી મહિલાનો રહસ્યમય હાલતમાં મૃતદેહ મળતા ચકચાર

ઊંઝા, તા. ૭

ઊંઝા તાલુકાના કંથરાવી ગામની સીમમાં ઘાસચારો લેવા ગયેલી બારોટ જ્ઞાતિની મહિલાના રહસ્યમય મોતની શાહી હજી સુકાઈ નથી ત્યાં તો નજીકના પળી ગામની સીમમાં આવેલા ખેતરમાં એરંડાની માળો ઉતારવા ગયેલ પટેલ જ્ઞાતિની મહિલાની કથિત લૂંટ તથા બળાત્કારના ઈરાદે હત્યા કરાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હોવાની આશંકાએ ગ્રામજનોમાં ભારે સનસનાટી મચાવી છે.

મળતી માહિતી મુજબ ઊંઝા તાલુકાના પળી ગામે રહેતા ભગવતીબેન મણીલાલ પટેલ આજે સવારે ગામની સીમમાં આવેલ પોતાના ખેતરમાં એરંડાની માળો ઉતારવા માટે ગયા હતા. જેઓ બપોરના એક વાગ્યા સુધી ઘરે ન આવતા તેમના દિયર ખેતરમાં તપાસ કરવા માટે ગયા હતા જ્યાં ખેતરના વચ્ચેના ભાગમાં ભગવતીબેન મૃત હાલતમાં જણાયા હતા અને તેમની પાસેનો મોબાઈલ ફોન તથા કાનની કડીઓ જોવા ન મળી હતી. વધુમાં મૃતકના મૃતદેહને લગભગ પાંચથી સાત મીટર સુધી ખેતરમાં ખેંચવામાં આવ્યો હોય તેમ જણાતાં કોઈએ કથિત લૂંટ તથા બળાત્કારના ઈરાદે મહિલાને મોતને ઘાટ ઉતારી હોવાની આશંકા વ્યક્ત થઈ હતી.



## બાયડ તાલુકાના દખણેશ્વર ગામે ડે નાઈટ ક્રિકેટ ટીમનુ ઉદ્‌ઘાટન કરતાં માલપુર મેઘરજ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા

બાયડ તાલુકા ના દખણેશ્વર ગામે ગલકાલે તા. ૬ ના રોજ જય અંબે ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ની ઓપનીગ સેરમેની યોજાઈ હતી આ ઓપનીગ સેરમની માલપુર મેઘરજ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ના હસ્તે યોજાઈ હતી. આ ટુર્નામેન્ટ માં ૧૨૦ જેટલી ટીમો વચ્ચે ખરાખરી નો જંગ યોજાશે જેમાં ફાઈનલ વિજેતાને ૨૫૦૦૦/- રૂા રોકડ ઈનામ આપવામાં આવશે આ ટુર્નામેન્ટ માં મુખ્યમહેમાન તરીકે ધવલસીંહ ઝાલા પ્રદેશ કોગ્રેસ લઘુમતી સેલના યુસુફભાઈ શેખ તાલુકા પંચાયત સદસ્ય માનવેન્દ્રસીંહ અંજનાબેન દીક્ષીત, ધનસુરા તાલુકા કોગ્રેસ પ્રમુખ મનહરસિંહ સોલંકી રડોદરા સરપંચ હિતેશભાઈ પટેલ વાહનભાઈ ભરવાડ દખણેશ્વર સરપંચ રાકેશભાઈ પટેલ તેમજ ગામના આગેવાનો ઉપસ્થીત રહયા હતા આ સમગ્ર ટુર્નામેન્ટ નુ આયોજન રવિકુમાર પટેલ, મનીશકુમાર પટેલ રાહુલ પટેલ ઉમંગ પટેલ તેમજ ભરત પટેલ દ્વારા કરવામાં આવ્યુ છે.

# બાવળના ઝાડ પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતો આદિવાસી યુવાન

મેઘરજ, તા. ૭

મેઘરજ તાલુકાના છીકારી ગામે આવેલા વન વિભાગની નર્સરીમાં બાવળના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ એક કિશોરે આત્મહત્યા કરતા સમગ્ર ગામમાં સનસનાટી મચી જવા પામી હતી. પોલીસે આ ઘટના અંગે ગુનો નોંધી તપાસની કાર્યવાહી હાથ ધરી છે.

આદિવાસી વસ્તી ધરાવતા છીકારી ગામની સીમમાં વન વિભાગે એક નર્સરી બનાવી છે અને આ નર્સરીમાં બાવળ સહિતના અનેક વૃક્ષો અને રોપાઓ ઉગાડવામાં આવે છે. દરમિયાન ગત બપોરે અગમ્ય કારણોસર આ આદિવાસી યુવકે નર્સરીમાં જઈ બાવળના ઝાડ ઉપર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો અને થોડા સમય બાદ વન વિભાગના બીટગાર્ડ ભૂપતસિંહ ચૌહાણ આ નર્સરીમાં રાઉન્ડ લગાવવા આવ્યા હતા. તેઓને અચાનક જ બાવળના ઝાડ ઉપર એક ઈસમનો દોરડાથી લટકેલો મૃતદેહ નજરે પડ્યો હતો. બીટગાર્ડ તાકીદે અધિકારી અને છીકારી ગામમાં જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા. બાદમાં પોલીસને આ ઘટના અંગે જાણ થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પિતાના ઠપકાથી પુત્રએ ગળે ફાંસો ખાધો

સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે પિતાએ પુત્રને કામકાજ અર્થે ઠપકો આપતા પુત્રને ભારોભાર લાગી આવ્યું હતું અને ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.


ટ્યૂકડી જાહેર ખબર

જોઈએ છે

ધોરણ-૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીના ટ્યુશન માટે ટીચર જોઈએ છે.

સંપર્ક : મો. : ૯૮૨૪૫ ૭૭૨૪૦

જોઈએ છે

M.S.B. Project, Gandhinagar
LMV & HMV ડ્રાઈવર
Concrete Pump ઓપરેટર
Hydra ઓપરેટર
Ct. No. 90999943743



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601



ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.


**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન